જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૭/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૪૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી ૩૯ લીટર દેશી કબજે કર્યો હતો. તેમજ જુગારધારા મુજબ ૨ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨૪૯૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૪૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૩૪૨/૧૬

**વસ્ત્રાપુરઃ** લક્ષ્મીબહેન રવિન્દ્રભાઇ દાતણીયા (ઉ.વ.૧૬) (રહે. નર્મદા આવાસ સિંધુભવન રોડ બોડકદેવ) ને તા.૩૦/૬/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી અજય રંજનભાઇ દાતણીયા (રહે.મેલડી માતાના મંદિર સામે બહેરામપુરા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ લક્ષ્મીબહેનના પિતા રવિન્દ્રભાઇ દાતણીયાએ તા.૨૨/૭/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એન રામનુજ ચલાવે છે.

## જાતિય સતામણીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૩૪૩/૧૬

**સરદારનગરઃ** સરદારનગર વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૭/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે યુવતીની તબિયત નાદુરસ્ત હોઈ સારવાર માટે સરદારનગર સમરથનગર ચાર રસ્તા નજીક આવેલ લક્ષ્મી ક્લીનીક ખાતે ગયા હતા ત્યારે હાજર ડૉક્ટરે ઈન્જેક્શન આપવાના બહાને તરૂણી સાથે જાતિય સતામણી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી આર પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૪/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** વિકાસ રામકિશોર રાવત (રહે.બાલાજી રેસીડન્સી મોટેરા) એ તા.૨૩/૭/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૮/૧૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વિપુલ અંબાપ્રસાદ પટેલ (રહે. જવાહર સોસાયટી શ્રીજીનાથ દેરાસર પાસે વઢવાણ જીલ્લો સુરેન્દ્રનગર) અને બીજા ત્રણ માણસોએ ભેગા મળી સોલા ગણેશ મેરીડીયન ઓફીસ નંબર સી/૧૦૧ ખાતે લક્ષ્મર્ચન્ટ કંપનીમાં રૂપિયા ૧૦ કરોડનુ રોકાણ કરી ૬૦ ટકા શેર વિકાસ રાવત પાસેથી મેળવી સસ્તામાં ૨૦ લાખ કંપનીમાં રોકાણ કરી બારોબાર પૈસા મેળવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રવિન્દ્ર ગંગારામ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૫/૧૬**

**કાગડાપીઠઃ** મહેન્દ્રભાઈ ગૌતમભાઈ પાટીદાર (રહે.હોટલ દેવ પેલેસ મહીપતરામ આશ્રમની બાજુમાં) એ તા.૨૩/૭/૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૭/૧૬ કલાક ૨/૩૦ થી ૫/૩૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન હોટલ દેવ પેલેસના ચેનલના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી રિસેપ્શનના કાઉન્ટરના ડ્રોઅરમાંથી મોબાઈલ ફોન નંગ-૨ અને રોકડ રૂપિયા ૩૧,૨૨૦/- મળી કુલ રૂપિયા ૪૩,૮૨૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી નરસિહભાઈ મોનાજી ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** રાહુલ લક્ષ્મણદાસ વાળંદ (રહે. કેશવનગર વિભાગ-૨ નિર્ણયનગર ચાંદલોડીયા) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૭/૧૬ રાતના ૯/૦૦ થી તા.૨૩/૭/૧૬ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન મિલેનિતયમ પ્લાઝા દુકાન નં- F/F/3 ઇમેજીકા સ્પાઇસી સ્પા નામની દુકાનનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી રોકડ રૂપિયા ૪૬,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.ડી.પરમાર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૬/૧૬**

**નરોડાઃ** શારદાબહેન ચંદુલાલ પટેલ (રહે.શુભ-લાભ એપાર્ટમેન્ટ દુર્ગા સોસાયટીની પાસે કઠવાડા રોડ નરોડા) તા.૨૩/૭/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે નરોડા ગોકુલ સાડી સેન્ટર નજીકથી શટલ ઓટોરિક્ષામાં બેસી નરોડા સ્મશાનગૃહ આવ્યા ત્યારે મુસાફરી દરમ્યાન રિક્ષામાં બેઠેલ ઈસમોએ શારદાબહેનની નજર ચુકવી હાથમાં પહેરેલ સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ શારદાબહેન પટેલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૭/૧૬**

**વેજલપુરઃ** શંકરભાઈ પ્રેમજીભાઈ મારવાડી (રહે.ગુપ્તાનગર બહુચરમાની ચાલી વાસણા) એ તા.૨૩/૭/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૭/૧૬ બપોરના ૧૨/૦૦ વાગે વાસણા ગુપ્તાનગર અન્સુયા હેન્ડીક્રાફ્ટ નજીક પાર્ક કરેલ પોતાની મહિન્દ્રા મેક્ષીમો પ્લસ (ડાલુ) ગાડી નંબર જીજે ૨ એક્સએક્સ ૦૪૧૧ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી એમ દેસાઈ ચલાવે છે.

**પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૮/૧૬**

**વટવાઃ** સુનિતાબહેન બાલમુકુંદભાઈ રાજપુત (રહે.રમ્યકુંજ સોસાયટી જલધારા સોસાયટીની બાજુમાં મુખીની વાડી સામે વટવા ઈસનપુર) તા.૨૩/૭/૧૬ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાંથી પાણી ભરતા હતા ત્યારે પગ લપસી જતા પાણીની ટાંકીમાં પડી જતા ડુબી જતા મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર જે ઠુમ્મર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૩૪૯/૧૬**

**શહેરકોટડાઃ** જેઠાભાઈ શિવાભાઈ પામાર (ઉ.વ.૫૫)(રહે.કેશવલાલ મગનલાલની ચાલી ઈટવાડા સરસપુર) એ આંખની બિમારીથી કંટાળી તા.૨૩/૭/૧૬ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વાલસિંગભાઇ મલાભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)